

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 227
Dt.: 22-06-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


રેડ રોડ પર કાર્યક્રમનું આયોજન

## હજારો લોકો સાથે કોલકાતામાં વડાપ્રધાન મોદીનો યોગાભ્યાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે દુનિયા ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ હજારો લોકોએ કોલકાતાના રેડ રોડ પર સામૂહિક યોગ સત્રમાં ભાગ લીધો હતો. સામે આવેલા ફોટોઝમાં વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ વિશ્વને યોગનો સંદેશ આપતા નજરે પડ્યા હતા. એકવાર ફરી યોગ દ્વારા તંદુરસ્તી, માનસિક શાંતિ અને શિસ્તબદ્ધ જીવનનો સંદેશ દેશ અને વિશ્વમાં ફેલાયો હતો. આ ઘટના દર્શાવે છે કે યોગ હવે માત્ર એક કસરત નથી, પરંતુ એક વૈશ્વિક જન આંદોલન બની ગયું છે અને ભારત તેનું નેતૃત્વ કરી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે કોલકાતાના રેડ રોડ પર હજારો લોકો સાથે યોગા કર્યા હતા. સફેદ ટી-શર્ટ અને સફેદ પેન્ટ પહેરીને વડાપ્રધાને હજારો લોકો સાથે યોગાસન કર્યા હતા. આ સ્થળ ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડના મુખ્ય મથક અને બીજી બાજુ એક મેદાનથી ઘેરાયેલું છે.

આશરે ૪૦ મિનિટના સત્ર દરમિયાન મોદી સહભાગીઓ વચ્ચે ફરતા જોવા મળ્યા હતા. તેમણે યોગ પ્રોટોકોલ અનુસાર કરવામાં આવતા આસનોનું નજીકથી નિરીક્ષણ કર્યું અને ખાતરી કરી કે તે યોગ્ય રીતે કરવામાં આવી રહ્યા છે. તેમણે અનેક પ્રસંગોએ સહભાગીઓને તેમની મુદ્રા સુધારવામાં પણ મદદ કરી હતી.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના જબલપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો અને યોગાભ્યાસ કર્યો

દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના જબલપુરમાં આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો અને યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, યોગ એ વ્યક્તિને પોતાની જાત સાથે અને સમાજ સાથે, સમાજને પ્રકૃતિ સાથે અને સમગ્ર માનવતાને સાર્વત્રિક ચેતના સાથે જોડવાનું એક શક્તિશાળી માધ્યમ છે. કાર્યક્રમને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર દેશવાસીઓ અને વિશ્વભરના યોગ સાધકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના પ્રહલાદ નગર ગાર્ડનમાં યોગ સત્રમાં ભાગ લીધો. અમિત શાહે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "યોગ એ માનવતા માટે ભારતની કિંમતી ભેટ છે, જે મન, શરીર અને ભાવનાને ઉર્જા આપીને સર્વાંગી સુખાકારીને પ્રોત્સાહન આપે છે. હું અમદાવાદમાં જાહેર યોગ સત્રમાં ભાગ લઈને વિશ્વભરના લાખો લોકો સાથે યોગ દિવસની ઉજવણીમાં જોડાયો."

ભારતીય નૌકાદળના જવાનોએ પાણીની અંદર યોગ કરીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. નૌકાદળે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, "મનમાં શાંત. શરીરમાં મજબૂત. સેવા માટે સમર્પિત." નૌકાદળે આગળ લખ્યું કે, "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર નૌકાદળે 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ' થીમ અપનાવી છે, જે સ્વસ્થ અને મિશન માટે તૈયાર દળનો પાયો મજબૂત બનાવે છે."

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને યોગ ગુરુ બાબા રામદેવે શનિવારે ગુંટુર જિલ્લામાં આયોજિત યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ઉંડાવલી ગામમાં આશરે ૧,૬૦૦ વર્ષ જૂની ગુફાઓની સામે બેસીને બાબા રામદેવે મુખ્યમંત્રીને અનેક યોગ આસનો કરીને બતાવ્યા હતા. ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP)ના જવાનોએ પૂર્વી લદાખના દૂરના અને ઊંચાઈવાળા વિસ્તારોમાં યોગ કર્યા હતા, દેશવાસીઓને ફિટનેસ અને શિસ્તનો સંદેશ આપ્યો હતો. આશરે ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઈ પર તહેનાત સૈનિકોએ કઠોર હવામાન અને ઓક્સિજનના અભાવ જેવા પડકારો વચ્ચે યોગ કરીને તેમની શારીરિક અને માનસિક શક્તિનું પ્રદર્શન કર્યું હતું. ITBPના સૈનિકોએ હિમાલયના બરફથી ઢંકાયેલા શિખરો વચ્ચે વિવિધ યોગાસનો અને પ્રાણાયામ જેવી



કસરતો કરી હતી. આ દરમિયાન અધિકારીઓ અને સૈનિકોએ યોગને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અને સ્વસ્થ લાઈફસ્ટાઈલ અપનાવવાનો સંદેશ પણ આપ્યો હતો.

આ પ્રસંગે બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સાથે યોગ કર્યા હતા.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ "સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ" હતી. દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં ૩,૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

અક્ષય કુમારે યોગાભ્યાસ દરમિયાન સફેદ ટ્રેકસૂટ પહેર્યો હતો, જે ફિટનેસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમના ટ્રેકસૂટમાં "ફિટ ઈન્ડિયા"નો લોગો હતો.

## યુદ્ધના ભણકારા? આકાશથી સમુદ્ર સુધી તાઈવાન ઘેરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)તાઈવાન

ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ-લેબેનોન વચ્ચે યુદ્ધ શાંત પડ્યા બાદ હવે ચીન-તાઈવાન વચ્ચે યુદ્ધ થવાના વાદળો ઘેરાઈ રહ્યા છે. રિપોર્ટ મુજબ, તાઈવાનની આસપાસ ચીનની સૈન્ય ગતિવિધિઓ સતત વધી રહી છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના દાવા મુજબ છેલ્લા બે દિવસમાં તાઈવાનની આસપાસ ચીનના ૧૭ યુદ્ધ જહાજો અને ૨૬ ફાઈટર પ્લેન જોવા મળ્યા છે, આમાંથી કેટલાક વિમાનો તાઈવાન પણ ઘૂસ્યા હતા. મંત્રાલયે કહ્યું કે, શનિવાર (૨૦ જૂન) બાદ આજે રવિવારે (૨૧ જૂન) પણ તાઈવાનની આસપાસ ચીનના બે સૈન્ય વિમાનો, ૮ યુદ્ધ જહાજો અને ૪ સરકારી જહાજો જોવા મળ્યા છે. તાઈવાની સેના પણ ચીનની તમામ ગતિવિધિઓ પર નજર રાખી રહી છે અને વળતો જવાબ આપવાની તૈયારી પણ કરી લીધી છે. જો છેલ્લા ૨૧ દિવસની વાત કરીએ તો, ચીની વિમાનોના ૧૭૭ વખત, યુદ્ધ જહાજોના ૧૫૬ વખત અને સરકારી જહાજોના ૮૪ વખત તાઈવાનની આસપાસ આટાફેરા જોવા મળ્યા હોવાનો મંત્રાલયે દાવો કર્યો છે.તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી છે કે, 'રવિવારે સવારે ૮.૧૦ કલાકે પીપુલ્સ લિબરેશન આર્મી (PLA)ના વિવિધ પ્રકારના ૨૧ વિમાનો અને પીપુલ્સ લિબરેશન આર્મી નેવી (PLAN)ના આઠ જહાજો તાઈવાનની આસપાસ સક્રિય જોવા મળ્યા છે. આમાંથી ૧૯ વિમાનો તાઈવાનના એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ)ના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં પ્રવેશ્યા હતા અને લાંબા અંતરની ઉડાન ભરીને પશ્ચિમ પ્રશાંત મહાસાગર તરફ આગળ વધ્યા હતા. તાઈવાનની સશસ્ત્ર સેનાઓ આ સંપૂર્ણ ઘટનાક્રમ પર સતત નજર રાખી રહી છે.' શનિવારે (૨૦ જૂન) પણ તાઈવાનની આસપાસ ચીની સેનાની ગતિવિધિ જોવા મળી હતી. આ દરમિયાન ચીનના ૫ ફાઈટર પ્લેન, ૯ યુદ્ધ જહાજો અને ૫ સરકારી જહાજો તાઈવાનની આસપાસ ફરકી રહ્યા હતા. આમાંથી એક વિમાન તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા પાર કરીને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પહોંચી ગયું હતું, ત્યારબાદ તાઈવાની સેનાએ તુરંત કાર્યવાહી કરી હતી. ૧૯ જૂને પણ ચીનના ૪ સૈન્ય વિમાનો, ૮ યુદ્ધ જહાજો અને ૩ સરકારી જહાજોની ગતિવિધિ જોવા મળી છે, આમાંથી ૪ ADIZમાં પ્રવેશ્યા હતા.

બંને દેશો વચ્ચે દાયકાઓથી દુશ્મની ચાલી રહી છે. ચીન અવારનવાર દાવો કરતું રહ્યું છે કે, તાઈવાન તેમનો દેશ છે અને ભવિષ્યમાં તેને ચીનમાં ભેળવવાની પણ વાત કરતું રહ્યું છે. બીજીતરફ તાઈવાન પોતાને એક સ્વતંત્ર અને લોકશાહી દેશ માને છે. તાઈવાને સ્પષ્ટ કહ્યું છે કે, અમારી પોતાની સરકાર, સેના અને આર્થિક વ્યવસ્થા છે. રિપોર્ટ મુજબ, ચીન ઘણા સમયથી તાઈવાન ઉપર સૈન્ય દબાણ વધારી રહ્યું છે. ચીન તાઈવાનની આસપાસ વારંવાર ફાઈટર જેટ, ડ્રોન અને યુદ્ધ જહાજો મોકલીને પોતાની શક્તિનું પ્રદર્શન કરતું રહે છે. ચીનને વળતો જવાબ આપવા માટે તાઈવાન પણ પોતાની સંરક્ષણ તૈયારીઓ વધારી રહ્યું છે.

વૈશ્વિક તણાવ ઘટ્યો; હવે EMI ઘટશે કે નહીં?

## રેપો રેટ અંગે RBI મોટો નિર્ણય લે તેવી શક્યતા: રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) આગામી મોનેટરી પોલિસી બેઠકોમાં 'વેઈટ એન્ડ વોચ'ની નીતિ અપનાવીને રેપો રેટને ૫.૨૫% પર યથાવત રાખે તેવી પૂરેપૂરી શક્યતા છે. એક રિપોર્ટ મુજબ, વૈશ્વિક સ્તરે ભૌગોલિક રાજકીય તણાવ ઘટવાના કારણે અનિશ્ચિતતા ઓછી થઈ છે, જેના લીધે પોલિસી મેકર્સ હવે આગામી આર્થિક આંકડાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. BofA સિક્યોરિટીઝના વિશ્લેષણ મુજબ અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારથી વૈશ્વિક અનિશ્ચિતતા મહદઅંશે શાંત થઈ છે. તેનાથી સેન્ટ્રલ બેંકને ક્રૂડ ઓઈલની અસ્થિર કિંમતો પર તાત્કાલિક પ્રતિક્રિયા આપવાને બદલે, આર્થિક ડેટાના આધારે નિર્ણયો લેવા માટે વધુ સમય અને અવકાશ મળશે. રિપોર્ટમાં જણાવાયું છે કે,



પોલિસીની દિશામાં કોઈપણ ફેરફાર કરતા પહેલા RBI ચોમાસાની પ્રગતિ, ખાદ્ય ફુગાવાના ટ્રેન્ડ અને ક્રૂડ ઓઈલની કિંમતો પર સતત નજર રાખશે. વૈશ્વિક આર્થિક વાતાવરણ અને ભૌગોલિક રાજકીય સ્થિતિઓને ધ્યાનમાં રાખીને, RBIએ જૂનની MPC બેઠકમાં સર્વસંમતિથી રેપો રેટ ૫.૨૫% પર જાળવી રાખ્યો હતો અને પોતાનું વલણ તટસ્થ રાખ્યું હતું.

આ સિવાય, સેન્ટ્રલ બેંકે તેના મેક્રોઈકોનોમિક અનુમાનોમાં સુધારો કર્યો છે. હવામાન સંબંધિત જોખમો અને ખાદ્ય ચીજોના ભાવોની અનિશ્ચિતતાને ટાંકીને, RBI એ FY27 માટે GDP ગ્રોથ રેટનો અંદાજ ૩૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬.૯% કર્યો છે, જ્યારે ફુગાવાનો અંદાજ ૫૦ બેસિસ પોઈન્ટ વધારીને ૫.૧% કર્યો છે. MPCની બેઠકના રિપોર્ટ દર્શાવે છે કે તમામ સભ્યોએ વધતા ફુગાવાના જોખમો અને અસ્થિર આર્થિક પૃષ્ઠભૂમિનો સર્વસંમતિથી સ્વીકાર કર્યો હતો. જો કે, અહેવાલ મુજબ પોલિસી મેકર્સ એ બાબતની પણ નોંધ લીધી હતી કે આંતરિક ફુગાવાનું દબાણ હાલ નિયંત્રણમાં છે અને વ્યાપક સ્તરે તેની કોઈ તાત્કાલિક નકારાત્મક અસરો દેખાતી નથી. આર્થિક ઉતાર-ચઢાવ વચ્ચે આંતરિક ફુગાવો મર્યાદિત રહ્યો હોવાથી, આગામી સમયમાં આંકડાઓ આધારિત અભિગમ અપનાવવો એ જ સૌથી યોગ્ય પગલું રહેશે.

રિપોર્ટમાં એ પણ ટાંકવામાં આવ્યું છે કે જૂન મહિનાના ડોવ-હોક મીટર અનુસાર MPC હજુ પણ તટસ્થથી મધ્યમ સ્તરે નરમ ઝોનમાં છે. આ દર્શાવે છે કે એપ્રિલની બેઠક પછી નીતિમાં કોઈ કડક વલણ તરફ મોટો બદલાવ આવ્યો નથી.

આ ગેંગ સાયબર ઠગોને મ્યુલ બેંક એકાઉન્ટ પૂરા પાડતી હતી

## દિલ્હી પોલીસે સાયબર ફ્રોડની એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસે સાયબર ફ્રોડની એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ સાયબર ઠગોને સાયબર ફ્રોડમાં ઉપયોગમાં લેવાતા મ્યુલ બેંક એકાઉન્ટ પૂરા પાડતી હતી.

મ્યુલ અકાઉન્ટ એવા બેંક ખાતા છે, જે અન્ય વ્યક્તિના નામે ખોલવામાં આવે છે અને તેનો ઉપયોગ ફ્રોડની રકમ ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવે છે.

દિલ્હી પોલીસે તપાસ બાદ સાયબર ફ્રોડ દ્વારા લૂંટવામાં આવેલી રકમને ટ્રેસ કરી. ત્યારબાદ પોલીસે દિલ્હી અને ઉત્તર પ્રદેશના મુજફ્ફરનગરમાંથી બે શખ્સોની ધરપકડ કરી હતી. આગળની તપાસમાં સામે આવ્યું કે મેરઠમાં રહેતા અંકિત ચૌધરીએ તેમના એકાઉન્ટ ખોલાવ્યા હતા. ત્યાર બાદ પોલીસે અંકિત ચૌધરીને પણ ઝડપી પાડ્યો છે.

પોલીસે શુક્રવારે જણાવ્યું કે, આરોપીઓ બેરોજગાર અને આર્થિક રીતે નબળા લોકોને નિશાન બનાવતા હતા. તે લોકોને કમિશન અને નોકરીની લાલચ આપીને બેંક એકાઉન્ટ ખોલાવતા હતા. બેંક એકાઉન્ટ ખુલ્યા પછી તેમના ATM કાર્ડ, પાસવર્ડ અને ઓનલાઈન બેંકિંગની તમામ વિગતો સાયબર ઠગોને સોંપી દેતા હતા. ત્યારબાદ સાયબર ફ્રોડની રકમને અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ફેરવવામાં આવતી હતી. પોલીસે લોકોને સચેત કરતાં કહ્યું છે કે, કોઈ પણ વ્યક્તિને તમારું બેંક એકાઉન્ટનો ક્યારેય ઉપયોગ કરવા ન આપો. કમિશન, નોકરી કે અન્ય કોઈપણ લાલચમાં આવીને બેંક એકાઉન્ટનો ઉપયોગ ન કરવા દો. તમારા ATM કાર્ડ, ઓનલાઈન બેંકિંગ પાસવર્ડ અને અન્ય વિગતો કોઈને પણ આપવી નહીં.

'બેંક ખાતું ખોલાવો અને કમિશન મેળવો' જેવી સ્કીમ્સથી સાવધાન રહો. આવી લાલચમાં આવીને તમારું ખાતું મ્યુલ અકાઉન્ટ બની શકે છે અને તમે અજાણતાં જ ગુનામાં સામેલ થઈ શકો છો.

રાજકારણ, બોલિવૂડ અને બિઝનેસ જગતના દિગ્ગજોનો જમાવડો

## સુપ્રિયા સુલેની દીકરી રેવતી અને ભાજપ નેતાના પુત્ર સારંગના લગ્નમાં દિગ્ગજોનો જમાવડો

રેવતી સુલેના લગ્ન ભાજપના ધારાસભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ અરુણ લાખાણીના પુત્ર સારંગ લાખાણી સાથે થઈ રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણના દિગ્ગજ નેતા અને NCP સુપ્રીમો શરદ પવારની પૌત્રી (સાંસદ સુપ્રિયા સુલેની દીકરી) રેવતીના લગ્નની હાલ ચારેકોર જોરદાર ચર્ચા ચાલી રહી છે. મુંબઈના આલિશાન જિયો કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલા આ ભવ્ય લગ્ન સમારોહમાં રાજકારણ, બિઝનેસ, રમતગમત અને બોલિવૂડ જગતની તમામ મોટી હસ્તીઓ ઉમટી પડી હતી. રાહુલ ગાંધીથી લઈને RSS ચીફ મોહન ભાગવત અને અમિતાભ બચ્ચનથી લઈને ગૌતમ અદાણી તથા મુકેશ અંબાણી જેવા દિગ્ગજોએ આ હાઈ-પ્રોફાઈલ લગ્નમાં હાજરી આપીને ચાર ચાંદ લગાવી દીધા હતા. રેવતી સુલેના લગ્ન ભાજપના ધારાસભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ અરુણ લાખાણીના પુત્ર સારંગ લાખાણી સાથે થઈ રહ્યા છે. અરુણ લાખાણી વિશ્વરાજ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. જ્યારે જમાઈ સારંગ પોતે એક શાનદાર બેડમિન્ટન ખેલાડી છે, જેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમી ચૂક્યા છે. આ લગ્ન કોઈ રોયલ વેડિંગથી કમ નહોતા.

બોલિવૂડ તડકો: બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન તેમના પત્ની જયા બચ્ચન સાથે આ સમારોહમાં ખાસ જોવા મળ્યા હતા. જ્યારે બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાને તો લગ્નમાં જોરદાર ડાન્સ કરીને મહેમાનોને ડોલાવી દીધા હતા. કરણ જોહરે પણ આ પાર્ટીમાં હાજરી આપી હતી.

બિઝનેસ ટાયકૂન્સ: બિઝનેસ જગતની વાત કરીએ તો એશિયાના ટોચના ઉદ્યોગપતિઓ મુકેશ અંબાણી (નીતા અંબાણી અને અનંત અંબાણી સાથે), ગૌતમ અદાણી (પત્ની પ્રીતિ અદાણી સાથે) અને અનિલ અંબાણી પણ નજરે પડ્યા હતા. આ ઉપરાંત સીરમ ઈન્સ્ટિટ્યૂટના અદાર પૂનાવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ લગ્નનું સૌથી મોટું આકર્ષણ એ હતું કે વિરોધી વિચારધારા ધરાવતા રાજનેતાઓ એક જ છત નીચે હળતા-મળતા જોવા મળ્યા હતા. દેશભરમાંથી અનેક મોટા નેતાઓએ આ સમારોહમાં હાજરી આપી હતી.




# તંત્રી લેખ......

## એક નાજુક કરાર

આખરે, અમેરિકન રાષ્ટ્રપતિએ ઈરાન સામે બિનજરૂરી યુદ્ધ કર્યા પછી ઈરાન સાથે વચગાળાનો કરાર કરવો પડ્યો. હાલમાં, આ કરાર નાજુક લાગે છે. ગઈકાલે લેબનોન પર ઈઝરાયલી હુમલાએ, લેબનોન કરારનો ભાગ હોવા છતાં, એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે શું અમેરિકા અને ઈરાન આગામી ૬૦ દિવસોમાં વાતચીત દ્વારા વણઉકેલાયેલા મુદ્દાઓનું નિરાકરણ લાવી શકશે. ઈઝરાયલ અને અમેરિકા બંને માટે ચિંતાનો વિષય છે કે ઈરાન હમાસ, હિઝબુલ્લાહ અને હૂતી જેવા સંગઠનોને સમર્થન આપે છે, જે ઈઝરાયલ માટે ખતરો છે. જોકે ટ્રમ્પ ઈઝરાયલને લેબનોન અંગે સંયમ રાખવાની ચેતવણી આપી રહ્યા છે, શું ઈરાન ખાતરી આપવા તૈયાર છે કે તે હિઝબુલ્લાહ પર લગામ લગાવશે? જો ઈરાન હિઝબુલ્લાહ પર લગામ નહીં લગાવે, તો ઈઝરાયલ માટે તેને લેબનોનમાં નિશાન બનાવતા અટકાવવાનું અશક્ય બનશે.

અમેરિકા-ઈરાન યુદ્ધની આસપાસના રહસ્યને કારણે ટ્રમ્પને ઈરાન સામે યુદ્ધ કરવાની જરૂર લાગી. ઈરાન ઘણા વર્ષોથી યુરેનિયમનું સંવર્ધન કરી રહ્યું હતું અને માનવામાં આવતું હતું કે તે પરમાણુ શસ્ત્રો વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આનાથી ઈઝરાયલ અને ગલ્ફ દેશો બંને ચિંતિત હતા. પરમાણુ શસ્ત્રો વિકસાવવાના ઈરાદાને કારણે અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો લાદ્યા. આનાથી ઈરાન માટે અન્ય દેશો સાથે વેપાર કરવાનું મુશ્કેલ બન્યું. અમેરિકા સૌથી મોટી આર્થિક શક્તિ હોવાથી, કોઈ પણ દેશ તેના પ્રતિબંધોને અવગણીને ઈરાન સાથે વેપાર કરવાની હિંમત એકઠી કરી શક્યો નહીં. ઈરાન ચીન સિવાય ફક્ત એવા દેશોને તેલ વેચી શક્યું જે યુએસ પ્રતિબંધોથી પ્રભાવિત ન હતા. તે તેના કેટલાક તેલને ગુપ્ત રીતે પણ વેચી રહ્યું હતું. જોકે તેની અર્થવ્યવસ્થા સતત નબળી પડી રહી હતી, તેમ છતાં ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવવાના પોતાના ઈરાદાને છોડી દેવા તૈયાર ન હતું.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે અમેરિકાએ ઈરાન પર ઈરાન પર હુમલો કર્યો હતો. ટ્રમ્પ એ હકીકતથી પણ ગુસ્સે હતા કે ઈરાન તીવ્ર દબાણ છતાં તેના પરમાણુ કાર્યક્રમને આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું. અમેરિકા અને ઈઝરાયલે ઈરાનને નિશાન બનાવતાની સાથે જ, ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી જહાજો મોકલવાનું બંધ કરી દીધું. વધુમાં, તેણે ગલ્ફ દેશોમાં અમેરિકન બેઝને નિશાન બનાવવાનું શરૂ કર્યું. ગલ્ફ દેશો તેમની સુરક્ષા માટે અમેરિકા પર આધાર રાખે છે. તેમના પર હુમલો કરીને, ઈરાને સંદેશ આપ્યો કે તેઓ યુએસ લશ્કરી રક્ષણ હેઠળ સુરક્ષિત નથી. ઈરાન પાસે મિસાઈલો અને સસ્તા છતાં ઘાતક ડ્રોનનો ભંડાર હતો. આ જ કારણ છે કે તેણે યુએસ હુમલાઓનો બદલો લેવાનું ચાલુ રાખ્યું. ઈરાન સામે હુમલાઓ પર અબજો ડોલર ખર્ચવા છતાં, અમેરિકા તેની લશ્કરી ક્ષમતાઓને નબળી પાડી શક્યું નહીં. યુએસ રાષ્ટ્રપતિને બીજી એક સમસ્યાનો સામનો કરવો પડ્યો તે એ હતો કે ઈરાન સામે લાંબા ગાળાના યુદ્ધને ચાલુ રાખવા માટે, તેમણે કોંગ્રેસની પરવાનગી લેવી પડશે, જે મેળવવી અત્યંત મુશ્કેલ હતી. કદાચ આ જ કારણે તેમને સમાધાન કરવાની ફરજ પડી હતી. જોકે તેઓ આ કરારને વિજય કહી રહ્યા છે, ઈરાન પણ આવો જ દાવો કરી રહ્યું છે. તે સાચું છે કે ઈરાને પરમાણુ શસ્ત્રો ન વિકસાવવાનું વચન આપ્યું છે, પરંતુ શું ઈઝરાયલ તેના પર વિશ્વાસ કરી શકે છે? તે જોવાનું બાકી છે કે શું અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલ વચગાળાનો કરાર અંતિમ કરારમાં પરિણમશે.

અમેરિકા ચિંતિત છે કે ઈરાન ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવવા માંગે છે, પરંતુ બધા જાણે છે કે પાકિસ્તાને પણ ગુપ્ત રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવ્યા છે, અને અમેરિકાએ ક્યારેય તેના પર પ્રતિબંધો લાદ્યા નથી. તે પાકિસ્તાનને અસંખ્ય આતંકવાદી જૂથોને આશ્રય આપવા બદલ સજા કરવામાં પણ નિષ્ફળ ગયું. કારણ કે અમેરિકા બેવડાપણામાં નિષ્ણાત છે, તેથી વિશ્વમાં તેની છબી અને પ્રતિષ્ઠા સતત ઘટી રહી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ, જેમણે એક સમયે પાકિસ્તાનને દેશદ્રોહી ગણાવ્યું હતું, તે હવે તેની સાથે મિત્રતા વધારવામાં રોકાયેલા છે. વધુમાં, તેમણે તેને અમેરિકા અને ઈરાન વચ્ચેના કરારમાં મધ્યસ્થી કરવાની ભૂમિકા પણ પૂરી પાડી. જોકે કેટલાક અન્ય દેશોએ પણ આ કરારમાં ભૂમિકા ભજવી હતી, પરંતુ ઈરાન સાથે કરાર કરવામાં અમેરિકાએ જે રીતે પાકિસ્તાનને ટેકો આપ્યો તેનાથી તેને પોતાને શાંતિના સમર્થક તરીકે દર્શાવવાની તક મળી છે, ભલે બધા જાણે છે કે તે એક બેજવાબદાર રાષ્ટ્ર છે અને અમેરિકા અને ઈરાન વચ્ચેના કરારમાં મધ્યસ્થી કરવાની ક્ષમતાનો અભાવ છે. આશ્ચર્યજનક રીતે, તેને ફક્ત એક સંદેશવાહક તરીકે જોવામાં આવતું હતું.

### લોકભવન ખાતે ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

# યોગ એ માત્ર કસરત નથી, પરંતુ તે જીવન જીવવાની એક ઉત્તમ કળા છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી





ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ૧૨ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લોકભવન પરિવારના સભ્યો તથા ઉપસ્થિત નગરજનોને યોગ દિવસની શુભકામનાઓ પાઠવીને જીવનમાં સ્વાસ્થ્યના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ યોગના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, યોગ એ ભારતની હજારો વર્ષ જૂની પ્રાચીન વિદ્યા અને વિજ્ઞાન છે. યોગ એ માત્ર કસરત નથી, પરંતુ તે જીવન જીવવાની એક ઉત્તમ કળા છે. ભારતીય સંસ્કૃતિમાં યોગને હંમેશા સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક ઉન્નતિના આધારરૂપ માનવામાં આવ્યો છે. રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના યોગ પ્રત્યેના દ્રષ્ટિકોણને બિરદાવતા કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો અને દ્રઢ સંકલ્પશક્તિને કારણે આજે યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. તેમણે વિશ્વના કરોડો લોકોને યોગ સાથે જોડીને ભારતની આ વિરાસતને ગૌરવ અપાવ્યું છે. આજે આખું વિશ્વ યોગના માધ્યમથી વસુધૈવ કુટુંબકમના ભાવ સાથે જોડાઈ રહ્યું છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આજની દોડધામભરી જીવનશૈલીમાં માનસિક તણાવ અને અનેક જીવનશૈલી સંબંધિત બીમારીઓથી બચવા માટે યોગ સૌથી શ્રેષ્ઠ માધ્યમ છે. નિયમિત યોગાભ્યાસ અને પ્રાણાયામ માત્ર શરીરને જ નિરોગી નથી રાખતા, પરંતુ તે મનને એકાગ્ર, શાંત અને સકારાત્મક બનાવે છે. આપણે સૌએ યોગને દૈનિક જીવનશૈલીનો અભિન્ન અંગ બનાવીને 'સ્વસ્થ શરીર-સ્વસ્થ મન'ના સંકલ્પને સિદ્ધ કરવો જોઈએ.

આ પ્રસંગે શ્રી અશ્વિનભાઈ દવેએ યોગાભ્યાસ કરાવ્યો હતો. યોગાભ્યાસ બાદ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌને સ્વસ્થ જીવન શૈલી અપનાવવાના શપથ લેવડાવ્યા હતા. આ યોગાભ્યાસમાં મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. જયંતિ રવિ, લોકભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, ગૃહ નિયામકશ્રી એક.કે.જોષી સહિત લોકભવનના અધિકારી-કર્મચારીઓ તેમજ નગરજનો જોડાયા હતા.

### રાજ્યનું ગૌરવ વધારનાર ૨૫ સફળ ઉમેદવારો અને સ્પીપાના તજજ્ઞ ફેકલ્ટી સભ્યોનું ગૌરવપૂર્ણ બહુમાન કરાયું

# શિક્ષણમંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષ સ્થાને યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫ના સફળ ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો

## સિવિલ સર્વિસ એ માત્ર નોકરી નથી, પરંતુ રાષ્ટ્ર સેવાનું સર્વોચ્ચ માધ્યમ છે :-શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા





શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને ભારતીય સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫માં સ્પીપામાંથી તાલીમ મેળવીને સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ અને એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની (ASSA)નો વાર્ષિક મિલન સમારોહ યોજાયો હતો.

અમદાવાદમાં નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૫ની પરીક્ષામાં સફળતા મેળવી રાજ્યનું નામ રોશન કરનાર તમામ ૨૫ સફળ ઉમેદવારોને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ વિદ્યાર્થીઓને સફળતાના શિખરો સર કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સ્પીપાના વિવિધ વિદ્વાન ફેકલ્ટી સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે આઈએએસ તરીકે પ્રમોટ થનાર શ્રી સુધીર પટેલ અને શ્રી દિગંત બ્રહ્મભટ્ટનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

સમારોહ દરમિયાન ઉપસ્થિત ફેકલ્ટી સભ્યો તેમજ સફળ થયેલા ઉમેદવારોએ પોતાના પ્રેરણાદાયી અનુભવો રજૂ કર્યા હતા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની આ કઠિન યાત્રાના સંસ્મરણો વાગોળ્યા હતા.

શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સિવિલ સર્વિસની આ સેવાઓ માત્ર એક નોકરી નથી પરંતુ રાષ્ટ્ર સેવાનું સર્વોચ્ચ માધ્યમ છે. લોકશાહીના મહત્વપૂર્ણ સ્તંભ એવા વહીવટી તંત્રના વાહક બનીને આ અધિકારીઓ 'વિકસિત ભારત @૨૦૪૭' ના લક્ષ્યને સાકાર કરવામાં પાયાની ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે, સરકાર અને સમાજ વચ્ચે સેતુ બનવાનું આ ઉત્તરદાયિત્વ એક ઈશ્વરીય કાર્ય સમાન છે.

મંત્રીશ્રીએ સફળતા અને સાર્થકતા વચ્ચેનો ભેદ સમજાવતા અધિકારીઓને આઈક્યુ (IQ)ની સાથે ઈમોશનલ કોશન્ટ (EQ) એટલે કે માનવીય સંવેદના, ધર્મ અને તટસ્થતાને જોડીને કામ કરવા આહવાન કર્યું હતું. તેમણે વહીવટી ગતિશીલતા દરમિયાન આવતા વિવિધ પડકારો જેમ કે મર્યાદિત સંસાધનો, બદલાતી ટેકનોલોજી અને રાજકીય-સામાજિક દબાણોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાત્મક શબ્દો મુજબ પડકારોથી દૂર ભાગવાને બદલે તેને પડકારશો તો જ જનહિતના કાર્યો પારદર્શિતા પૂર્વક થઈ શકશે. અધિકારીઓએ કોઈપણ ભેદભાવ વિના રાજકીય વિચારધારાથી પર રહી સામાન્ય નાગરિકની સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવવા કટિબદ્ધ થવું પડશે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, અસફળતા એ નિરાશ થવાનું કારણ નથી પરંતુ 'ફર્સ્ટ એટેમ્પ્ટ ઈન લર્નિંગ' (FAIL) એટલે કે શીખવાનું પ્રથમ પગથિયું છે. તેમણે સ્પીપા (SPIPA) અને એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની (ASSA)ની છેલ્લા ૧૫ વર્ષની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી, જે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના યુવાનોને યોગ્ય મેન્ટરશિપ અને નેટવર્કિંગ પૂરું પાડી સફળતાના શિખરે પહોંચાડી રહી છે. અંતમાં, તેમણે સ્વામી વિવેકાનંદજીના વિચારોને ટાંકીને ઉમેદવારોને સતત શીખતા રહેવા અને મજબૂત મનોબળ સાથે દેશ સેવાને જીવનનો ધ્યેય બનાવવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે સ્પીપાના ડાયરેક્ટર જનરલ શ્રી હરીત શુક્લાએ ભાવિ વહીવટી અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા સ્પીપાના માધ્યમથી ઉમેદવારોને દેશની શ્રેષ્ઠતમ તાલીમ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જેના પરિણામે તાજેતરના વર્ષોમાં રાજ્યમાંથી સિવિલ સર્વિસમાં ઉત્તીર્ણ થનારા યુવાનોની સંખ્યા સતત વધી રહી છે. વધુમાં, તેમણે સંસ્થાના આગામી આધુનિક કેમ્પસ અને વિસ્તરણ યોજનાઓની રૂપરેખા આપતા ઉમેર્યું કે, સિવિલ સર્વિસ એ માત્ર એક નોકરી નથી પરંતુ સમાજમાં પ્રતિષ્ઠા સાથે જનસેવા કરવાની જીવનભરની એક અજોડ તક છે; તેમણે તમામ સફળ ઉમેદવારોને અભિનંદન પાઠવી તેમજ તૈયારી કરી રહેલા યુવાનોને માતા-પિતાના આશીર્વાદ અને મજબૂત મનોબળ સાથે પોતાનું સવર્શ્રેષ્ઠ યોગદાન આપવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે નવનિયુક્ત અધિકારીઓને સંબોધતા એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની(ASSA)ના પ્રમુખ શ્રી દિલીપ રાણાએ UPSC પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવનાર તમામ તેજસ્વી યુવા ઉમેદવારો તેમજ રાજ્ય નાગરિક સેવાઓમાંથી પ્રમોશન મેળવી IAS કેડરમાં સામેલ થયેલા તમામ વરિષ્ઠ અધિકારીઓને સમગ્ર સંસ્થા પરિવાર વતી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને દેશ તેમજ રાજયના વહીવટી તંત્રમાં પદાર્પણ કરી રાષ્ટ્ર નિર્માણની આ નવી સફર શરૂ કરવા બદલ ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ સન્માન સમારોહમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ, ખાણ અને ખનિજ વિભાગના કમિશનર ડો. ધવલ પટેલ, એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની (ASSA)ના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અલ્પેશ પરમાર અને મેન્ટર શ્રી સતીશ પટેલ, અગ્રણી ભાષા પ્રોફેસર શ્રી સતીષ વ્યાસ, એડીસી બેંકના ચેરમેન શ્રી કનુભાઈ દેસાઈ સહિત સ્પીપાના વરિષ્ઠ અધિકારીઓ, નિવૃત્ત અને કાર્યરત વહીવટી પદાધિકારીઓ/ અધિકારીઓ, વિવિધ વિષયોના તજજ્ઞ ફેકલ્ટીઓ, સફળ ઉમેદવારો અને સિવિલ સર્વિસીસની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચોમાસું આગળ વધ્યું: ગુજરાતમાં પ્રી મોન્સૂન એક્ટિવિટી વધશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ચોમાસાની રાહ જોઈ રહેલા નાગરિકો માટે રાહતના સમાચાર છે. હવામાન વિભાગની તાજી માહિતી અનુસાર, આગામી દિવસોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મહારાષ્ટ્ર, તેલંગાણા, ઓડિશા, ઝારખંડ અને બિહારના વધુ ભાગો તેમજ છત્તીસગઢના કેટલાક વિસ્તારોમાં આગળ વધવા માટે સ્થિતિ સંપૂર્ણપણે સાનુકૂળ બની રહી છે. ત્યારે ગુજરાતમાં ૨૭મી જૂન સુધી વરસાદ પડવાની આગાહી આપવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૩મી જૂન આસપાસ ચોમાસું આ રાજ્યોમાં આગળ ધપે તેવી પ્રબળ શક્યતા છે. હાલમાં ઉત્તર ભારત અને આસપાસના વિસ્તારોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, જે ટ્રફ લાઈન તરીકે 72°E રેખાંશ અને 32°N અક્ષાંશની ઉત્તરે સમુદ્રની સપાટીથી 5.8 km ની ઊંચાઈએ જોવા મળી રહી છે. આ સિવાય ઉત્તર ગુજરાતથી લઈને પશ્ચિમ-મધ્ય અરબી સમુદ્ર સુધી પણ ૫.૮ km ની ઊંચાઈએ એક ટ્રફ લાઈન પસાર થઈ રહી છે. પ્રદેશમાં હાલ નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમ અને પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે. આ સાથે હવામાન વિભાગે જણાવ્યું છે કે, ગઈકાલે ગુજરાત પર સર્જાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન હવે નબળું પડ્યું છે. આ સિસ્ટમની અસરના ભાગરૂપે હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૨મી જૂન એટલે આવતીકાલે પણ અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, મહીસાગર અને દાહોદમાં હળવો વરસાદ ચાલુ રહી શકે છે. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદી માહોલ યથાવત રહેશે. જોકે, સૌરાષ્ટ્રમાં આવતીકાલે માત્ર રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં જ છૂટાછવાયા સ્થળોએ વરસાદની સંભાવના છે, જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના બાકીના વિસ્તારોમાં હવામાન સૂકું થઈ જશે. હવામાન વિભાગના વેધર મેપ પ્રમાણે ગુજરાતમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન સ્થિર રહેશે. મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર શક્ય નથી.

### કાગડાપીઠ પોલીસની માનવતા

# માનસિક અસ્વસ્થ મહિલાનું છેક છત્તીસગઢ પરિવાર સાથે મિલન કરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની કાગડાપીઠ પોલીસે "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ કહેવતને સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે.

રસ્તો ભટકી ગયેલી અને માનસિક રીતે અસ્વસ્થ એક મહિલાને પોલીસે ભારે જહેમત ઉઠાવીને માત્ર શોધી જ નથી, પરંતુ તેના વૃદ્ધ અને ગરીબ માતા-પિતા તેને લેવા આવી શકે તેમ ન હોવાથી, પોલીસ સ્ટાફે જાતે છેક છત્તીસગઢ જઈને દીકરીને પરિવાર સાથે સુરક્ષિત રીતે મિલન કરાવ્યું છે. આખી ઘટના પોલીસની ફરજનિષ્ઠા અને સંવેદનશીલતાનું એક ઉત્તમ ઉદાહરણ છે.

ઘટના કંઈક એવી છે કે, ૧૬/૦૬/૨૦૨૬ ની વહેલી સવારે કાગડાપીઠ વિસ્તારમાં PCR-75 અને ૧૮૧ અભયમ ટીમને એક અજાણી મહિલા વિશે મેસેજ મળ્યો હતો. પોલીસ તરત જ ત્યાં પહોંચી અને તેને સુરક્ષિત રીતે કાગડાપીઠ પોલીસ સ્ટેશન લાવી. પ્રાથમિક પૂછપરછમાં ખબર પડી કે મહિલાની માનસિક સ્થિતિ ઠીક નહોતી, જેથી તે પોતાનું નામ, સરનામું કે ફોન નંબર કંઈ જ જણાવી શકતી નહોતી.

મામલાની ગંભીરતા જોઈને સિનિયર PI એસ. એ. ગોહિલના માર્ગદર્શનમાં સર્વેલન્સ અને SHE ટીમે તપાસ શરૂ કરી. સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું કે આ મહિલા રાત્રે ૨ વાગ્યે કાલુપુર રેલવે સ્ટેશનથી કાગડાપીઠ આવી હતી અને તેનો સામાન સ્ટેશન પર જ રહી ગયો હતો.

પોલીસે મહિલાને પ્રેમથી સમજાવી અને વિશ્વાસમાં લીધી. સતત સાંત્વના આપ્યા બાદ મહિલાએ ધીમે-ધીમે વાતો કરવાનું શરૂ કર્યું અને પોતાનું નામ અનુરાગ ઉર્ફે મમતા હેતરામ જણાવ્યું. તે પોતે IT ગ્રેજ્યુએટ છે અને આબુ રોડના બ્રહ્માકુમારી આશ્રમ સાથે જોડાયેલી હોવાનું પણ તેણે કહ્યું. પોલીસે તરત જ ટેકનિકલ સોર્સની મદદથી આબુ રોડના આશ્રમનો સંપર્ક કર્યો. વોટ્સએપ પર ફોટો મોકલી ખાતરી કરતા ખબર પડી કે તે ૩ વર્ષ પહેલાં ત્યાં રહેતી હતી અને પછી તેનો ભાઈ તેને છત્તીસગઢ લઈ ગયો હતો. ગઈકાલે તે ફરી આશ્રમ આવી હતી, પણ કોઈ કારણસર એન્ટ્રી ન મળતા પાછી ફરી રહી હતી. માનસિક હાલત ઠીક ન હોવાથી તે ભૂલથી બીજી ટ્રેનમાં બેસી ગઈ અને અમદાવાદ આવી પહોંચી હતી.

વધુ વાતચીતમાં મહિલાએ જણાવ્યું કે તેણે અગાઉ છત્તીસગઢના કોરબામાં આવેલી મધુવન રેસ્ટોરન્ટમાં કામ કર્યું હતું. પોલીસે ત્યાં સંપર્ક કર્યો અને રેસ્ટોરન્ટના સંચાલકોની મદદથી આખરે તેના માતા-પિતાનું સરનામું મળી ગયું. ત્યાં સુધી મહિલાની સારસંભાળ માટે તેને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે કાઉન્સેલિંગ અને સારવાર માટે રાખવામાં આવી હતી.

જ્યારે પોલીસનો સંપર્ક તેના માતા-પિતા સાથે થયો, ત્યારે તેમણે પોતાની મજબૂરી જણાવતા કહ્યું કે તેઓ ખૂબ વૃદ્ધ છે અને તેમની આર્થિક સ્થિતિ એવી નથી કે તેઓ દીકરીને લેવા અમદાવાદ આવી શકે. આ સાંભળીને કાગડાપીઠ પોલીસે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

PI ના આદેશથી તરત જ એક મહિલા પોલીસ કર્મચારી અને એક પુરુષ ASI માટે ટ્રેનની ટિકિટ બુક કરવામાં આવી અને તેઓ જાતે આ મહિલાને લઈને સુરક્ષિત રીતે છત્તીસગઢ પહોંચ્યા. જ્યારે પરિવાર સાથે દીકરીનું મિલન થયું ત્યારે પરિવારજનોની આંખમાં ખુશીના આંસુ આવી ગયા હતા અને તેમણે અમદાવાદ પોલીસનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત યોગ દિવસ ઉજવણીમાં અમદાવાદીઓ ઉત્સાહભેર સામેલ થયા

# શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા અને પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં રિવરફ્રન્ટ પર યોગ દિવસની ઉજવણી




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે **'Yoga for Healthy Aging'** – એટલે કે 'સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ' ની થીમ પર ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી.

શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, લોકસભા સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ તથા પદાધિકારીઓ, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયેલા યોગ દિવસ કાર્યક્રમમાં શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લઈને વિવિધ યોગ આસનો કર્યા હતા.

સાબરમતી રીવરફ્રન્ટ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીમાં કોલકાતાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માણસા ખાતેથી રાજ્યકક્ષાના કાર્યક્રમમાંથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું ઉદબોધનનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે યોગ એ આપણી પ્રાચીન ભારતીય પરંપરા અને સંસ્કૃતિનો અણમોલ હિસ્સો છે. આપણા ઋષિમુનિઓએ આ અદભુત વિદ્યા સમગ્ર દુનિયાને આપી છે, જેને વૈશ્વિક ફલક ઉપર લઈ જવાનું ભગીરથ કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

વર્ષ ૨૦૧૪માં તેમણે સંયુક્ત રાષ્ટ્ર સંઘ **(UN)** સમક્ષ વિશ્વના લોકોને યોગ અને આયુર્વેદ અપનાવવા અપીલ કરી હતી, જેના જ પરિણામે આજે સમગ્ર વિશ્વ ૨૧ જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના આહવાનને આજે દેશ અને દુનિયાના નાગરિકોએ સ્વીકારીને ચરિતાર્થ કર્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજની ભાગદોડવાળી જિંદગીમાં જો આપણે આપણા શરીરનું ધ્યાન ન રાખીએ તો અનેક રોગોનો ભોગ બનવું પડે છે. બદલાતી જીવનશૈલીને કારણે નાના બાળકોથી લઈને મોટા વડીલોમાં હૃદયરોગ અને શ્વસનતંત્રની તકલીફો વધી રહી છે. વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને ખાણી-પીણીમાં સુધારો કરવા અને નિયમિત યોગ કરવા આહવાન કર્યું છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ ન્યાયે જો આપણે આપણી જીવનશૈલી સુધારવી હશે, શારીરિક તંદુરસ્તી મેળવવી હશે અને માનસિક એકાગ્રતા વધારવી હશે તો યોગને દિનચર્યામાં વણી લેવો જ પડશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના પ્રેરણાદાયી નેતૃત્વમાં આજે સમગ્ર વિશ્વમાં યોગ રોજિંદા જીવનનો ભાગ રહ્યો છે એમ જણાવીને શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં અમદાવાદ શહેરમાં પણ ઉત્સાહનો માહોલ છે. પ્રહલાદનગર ગાર્ડન ખાતે આપણા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ યોગ દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા છે, જ્યારે અમદાવાદમાં વિવિધ સ્થળોએ કુશળ યોગ ટ્રેનર્સના માર્ગદર્શન હેઠળ ૧૨,૦૦૦થી વધુ નાગરિકો યોગાભ્યાસમાં જોડાયા છે. મંત્રીશ્રીએ અમદાવાદના નગરજનો સહિત સૌને યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવીને સૌને યોગને કાયમી જીવનશૈલીનો ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો. સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર શ્રી અમૃતેશ ઔરંગાબાદકર અને શ્રી રમ્ય ભટ્ટ સહિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રોજગાર કચેરી અમદાવાદ ખાતે રોજગાર ભરતી મેળો યોજાયો

### નોકરીદાતાઓ દ્વારા ૬૫થી વધારે ઉમેદવારોની સ્થળ પર પસંદગી કરવામાં આવી




મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદ દ્વારા રોજગાર કચેરી, અસારવા બહુમાળી ભવન ખાતે રોજગાર ભરતી મેળા આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ ભાગ લીધો હતો.

ખાનગી ક્ષેત્રના ૫ નોકરીદાતા દ્વારા વિવિધ જગ્યાઓ માટે ૬૫ થી વધુ ઉમેદવારોની સ્થળ પર પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મદદનીશ નિયામક રોજગાર અમદાવાદ કચેરીના કાઉન્સેલર દ્વારા અનુબંધમ પોર્ટલ, એનસીએસ પોર્ટલમાં રજીસ્ટ્રેશન, રાજ્ય સરકાર દ્વારા અપાતી વિવિધ સવલતો અને સ્વરોજગાર યોજનાઓ વિશે તેમજ પીએમ ઈન્ટર્નશીપ યોજના બાબતે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. રોજગાર કચેરીના ઓવરસીસ કાઉન્સેલર દ્વારા વિદેશમાં અભ્યાસ અને રોજગારી બાબતે ઉમેદવારોને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. રોજગાર કચેરીની સેવાઓનો લાભ લેવા તથા આવા કાર્યક્રમની વિગત મેળવવા રોજગારવાંચ્છુંઓને રોજગાર કચેરીનો સંપર્ક કરવા તેમજ કચેરીના સોશિયલ મીડિયા પેજીસને ફોલો કરવા મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર ઉજવણી

### સ્માર્ટફોન માટે જેમ ચાર્જર, તેમ શરીર અને મગજ માટે 'યોગ' એ પાવરફુલ ચાર્જર છેઃ નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલ




આજે સમગ્ર વિશ્વની સાથે ગાંધીનગરમાં પણ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં **"Yoga for Healthy Ageing"** -સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ થીમ પર એક વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવતા નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર **-UN** સમક્ષ મૂકેલા પ્રસ્તાવ બાદ આજે યોગ માત્ર એક સામાન્ય કસરત નથી રહ્યો, પરંતુ એક વૈશ્વિક જીવનશૈલી -ગ્લોબલ લાઈફસ્ટાઈલ બની ચૂક્યો છે. હેલ્થ ઈન્સ્યોરન્સ એ બીમાર પડ્યા પછી હોસ્પિટલના બિલની ચૂકવણી માટે છે, જ્યારે યોગ એ બીમારીને દૂર રાખવાનું રોજનું 'પ્રીમિયમ' છે. જો તમે રોજ સવારે નિયમિત ૨૦ મિનિટ યોગનું આ 'પ્રીમિયમ' ભરશો, તો તમારું શરીર આજીવન 'હેલ્થ ક્લેઈમ' આપતું રહેશે.

મંત્રીશ્રીએ ઘરકામ અને પારિવારિક જવાબદારીઓ વચ્ચે વ્યસ્ત રહેતી મહિલાઓ માટે એક અનોખો 'આઉટ ઓફ ધ બોક્સ' વિચાર રજૂ કરતા જણાવ્યું કે, મહિલાઓ માટે પોતાના માટે અલગથી સમય કાઢવો મુશ્કેલ હોય છે, પરંતુ તેઓ રોજિંદા કામની વચ્ચે મળતી નાની-નાની ક્ષણોનો પણ સ્માર્ટ ઉપયોગ કરી શકે છે. જેમ કે, રસોડામાં કામ કરતી વખતે થોડી ક્ષણો માટે 'તાડાસન' કરવું, કુકરની સીટી વાગે એટલી વારમાં ૧૦ વાર 'પ્રાણાયામ' કરી લેવા, અથવા વાસણ સાફ કર્યા પછી થોડું 'સ્ટ્રેચિંગ' કરી લેવું. આ નાના-નાના પ્રયાસો મહિલાઓના સ્વાસ્થ્યને ઉત્તમ રાખશે.

તેમણે એક સરસ ઉદાહરણ આપતા ઉમેર્યું કે, જેમ સ્માર્ટફોનને રોજ ચાર્જ કરવો પડે છે, તેમ આપણા શરીર અને મગજને રિચાર્જ કરવા માટે 'યોગ' એ પાવરફુલ ચાર્જર છે. ભલે બાહ્ય દુનિયાનું વાઈ-ફાઈ બંધ હોય, પરંતુ યોગના માધ્યમથી આપણા અંતરાત્મા એટલે કે 'ઈનર-ફાઈ' સાથે કનેક્ટ થવું આજે અનિવાર્ય છે." વધુમાં, તેમણે પ્રાણાયામને ફેફસાં અને લોહીને કુદરતી રીતે ડિટોક્સ કરતી એક એવી 'મફત ટેકનોલોજી' ગણાવી, જેના માટે મોંઘી દવાઓ કે વિદેશી પ્રોડક્ટ્સની કોઈ જરૂર નથી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ' ના માધ્યમથી યોગને રાજ્યના પ્રત્યેક ઘર અને ગામ સુધી પહોંચાડવા માટે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

આ પ્રસંગે ગાંધીનગરનાં મેયર શ્રી મીરાબેન પટેલે જણાવ્યું હતું કે,ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ભેટ સમાન યોગ માત્ર કસરત નથી, પરંતુ શરીર, મન અને આત્માનો અદ્ભુત સમન્વય છે. યોગ આપણને આજની દોડધામભરી જિંદગીમાં આંતરિક શાંતિ, ધીરજ અને સંતુલન જાળવતા શીખવે છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સહભાગી થઈને ચાલો આપણે સૌ યોગને જીવનનો કાયમી સંસ્કાર બનાવીએ, કારણ કે યોગ જ સાચા આનંદ અને સમૃદ્ધિનો આધાર છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે, કોલકાતા ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને માણસા ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું પ્રેરક ઉદબોધન સાંભળ્યું હતું. નાણાં રાજ્યમંત્રીશ્રીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના નાગરિકો, ઉત્સાહી વિદ્યાર્થીઓ અને અગ્રણી મહાનુભવોએ મોટી સંખ્યામાં જોડાઈ યોગ કરીને આ સમગ્ર આયોજનને અભૂતપૂર્વ સફળતા અપાવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસકપક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રીમતી સેજલબેન પરમાર, મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી અંજુબેન વેકરિયા અને બ્રહ્માકુમારી આશ્રમમાંથી કૈલાશ દીદી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ, મોટી સંખ્યામાં ગાંધીનગરના નાગરિકો, વિદ્યાર્થીઓ અને યોગ સાધકો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# વડોદરા મંડળ પર ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ઉત્સાહપૂર્વક આયોજન




પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં ૧૨મો "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રાપ્ત માર્ગદર્શિકા મુજબ વડોદરા મંડળમાં "સ્વસ્થ આયુષ્ય માટે યોગ **(Yoga for Healthy Ageing)**" ની થીમ પર યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું. પ્રતાપનગર સ્થિત રેલવે ઓડિટોરિયમમાં સવારે ૬:૦૦ વાગ્યાથી ૭:૫૦ વાગ્યા સુધી યોગ સત્ર યોજાયું. કાર્યક્રમનો શુભારંભ "વંદે માતરમ્" સાથે કરવામાં આવ્યો.

વડોદરા શહેરની જાણીતી યોગ ગુરુ શ્રીમતી કૃષ્ણા પટેલ અને કુમારી ખુશી પટેલ તેમજ તેમની ટીમના માર્ગદર્શન હેઠળ રેલવેના અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોને આયુષ મંત્રાલય દ્વારા નિર્ધારિત કોમન યોગ પ્રોટોકોલ અનુસાર વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત સુંદર યોગાભ્યાસ કરાવવામાં આવ્યો.

આ પ્રસંગે વડોદરા ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે યોગ આપણી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વચ્છતા માટે મહત્વપૂર્ણ છે. ભારતના આ અમૂલ્ય પ્રાચીન સાંસ્કૃતિક વારસાને આપણા રોજિંદા જીવનમાં સમાવિષ્ટ કરવો આપણા માટે મહત્વપૂર્ણ છે. યોગ આપણને તણાવ અને નકારાત્મકતામાંથી સર્જનાત્મકતા અને તણાવમુક્ત જીવનમાં લઈ જાય છે અને જીવનમાં નવી શક્યતાઓ અને ઉર્જા ઉત્પન્ન કરે છે. "યોગ ફક્ત રેલવે કર્મચારીઓએ તેમના રોજિંદા જીવનમાં અપનાવવો જોઈએ નહીં પરંતુ તેમના પરિવારના સભ્યોને પણ આ માટે પ્રેરણા આપવી જોઈએ જેથી દરેક વ્યક્તિ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકે". સામૂહિક યોગાભ્યાસના આ કાર્યક્રમમાં મંડળ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકે, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંસ્થાની અધ્યક્ષા ડૉ. કવિતા ભડકે, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી અવિનાશ કુમાર, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, સંસ્થાની અન્ય સભ્યાઓ, રેલવે સુરક્ષા દળ તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ, અધિકારીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમના સફળ આયોજનમાં વરિષ્ઠ કાર્મિક અધિકારી શ્રી અવિનાશ કુમાર તથા તેમની વેલફેર ટીમનું વિશેષ યોગદાન રહ્યું. કાર્યક્રમનો સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યો.

### ડીઆરએમ વેદ પ્રકાશે વંદે ભારત ટ્રેનમાં મુસાફરો સાથે યોગાભ્યાસ કર્યો

# વિશ્વમાં પ્રથમ વખત ચાલતી ટ્રેનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી







પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ૨૧ જૂન ૨૦૨૬ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના કુશળ માર્ગદર્શન હેઠળ ૧૨મો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ અવસરે મંડળના વિવિધ મુખ્ય સ્થળો ઉપરાંત ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં પણ વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું. ભારતીય રેલવેના ઈતિહાસમાં પ્રથમ વખત ચાલતી ટ્રેનોમાં મુસાફરોને યોગ સાથે જોડવાની આ નવીન પહેલ અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવી હતી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે અમદાવાદ મંડળ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. સૌપ્રથમ અમે અમારા તમામ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને યોગ સાથે જોડવાનો પ્રયાસ કર્યો. વિડિયો કોન્ફરન્સિંગ **(VC)**ના માધ્યમથી અમારા વિવિધ કેન્દ્રો તથા રેલવે સંસ્થાઓમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે બીજી વિશેષ પહેલ તરીકે આજે અમે વંદે ભારત જેવી આધુનિક ટ્રેનોમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને યોગ સાથે જોડવાની એક અનોખી પહેલ કરી છે. આ અભિયાન અંતર્ગત ટ્રેનોની 'પાઈપ્ડ મ્યુઝિક' (ઓડિયો સિસ્ટમ) દ્વારા યોગ ગુરુઓના માર્ગદર્શનનું પ્રસારણ કરવામાં આવ્યું હતું તથા દરેક કોચમાં હાજર સ્વયંસેવકોએ મુસાફરોને પોતાની બેઠક પર બેઠા-બેઠા 'સૂક્ષ્મ યોગ' કરવામાં સહયોગ આપ્યો હતો.

મુસાફરોએ ૧૦ થી ૨૦ મિનિટ સુધી ગળા, હાથ, કળાઈ અને ખભાના રોટેશન, **'H'**ના ઉચ્ચારણ તથા ધ્યાન જેવા સરળ યોગાભ્યાસો કર્યા. યોગ મન, વચન, કર્મ અને કાયા વચ્ચે સમન્વય સ્થાપિત કરે છે. વ્યક્તિના સર્વાંગી વિકાસ સાથે સાથે સ્વસ્થ સમાજ, સશક્ત રાષ્ટ્ર અને વધુ સારા વિશ્વના નિર્માણ માટે યોગ અત્યંત આવશ્યક છે. યોગ આપણને સંતુલન, અનુશાસન અને સકારાત્મક જીવન જીવવાની પ્રેરણા આપે છે.

સાબરમતી સ્થિત સામુદાયિક ભવનમાં આયોજિત મુખ્ય કાર્યક્રમમાં યોગગુરૂ શ્રી અલ્પેશ ત્રિવેદી અને શ્રીમતી હંસા ચાગે રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, આરપીએફ સ્ટાફ, સ્કાઉટ અને ગાઈડ તેમજ નાગરિક સુરક્ષા સંગઠન (સિવિલ ડિફેન્સ)ના સભ્યોને કોમન યોગ પ્રોટોકોલ અંતર્ગત વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત અભ્યાસોની તાલીમ આપી હતી.

આ ઉપરાંત ઓલ્ડ રેલવે ઈન્સ્ટિટ્યૂટ—સાબરમતી, રેલવે ઈન્સ્ટિટ્યૂટ—કાંકરિયા, સામુદાયિક ભવન—ગાંધીધામ તથા સામુદાયિક ભવન—વીરમગામ ખાતે પણ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચાલતી વંદે ભારત ટ્રેનોમાં વિશેષ યોગ સત્ર

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને વધુ જનસુલભ અને વ્યાપક બનાવવા માટે નીચે દર્શાવેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમાં મુસાફરોએ પોતાની બેઠક પર બેસીને કરી શકાય તેવા સરળ યોગાભ્યાસો અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો.:

૧. ગાડી નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ — મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ

૨. ગાડી નંબર ૧૨૪૬૨ સાબરમતી — જોધપુર વંદે ભારત એક્સપ્રેસ

૩. ગાડી નંબર ૨૬૯૬૪ અસારવા — ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ

૪. ગાડી નંબર ૨૨૯૨૫ અમદાવાદ — ઓખા વંદે ભારત એક્સપ્રેસ

અમદાવાદ મંડળ દ્વારા અગાઉ પણ અમદાવાદ, મહેસાણા, પાલનપુર તથા ગાંધીધામ સહિત વિવિધ મુખ્ય સ્ટેશનો પર યોગ શિબિરોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રેલ કર્મચારીઓ તથા મુસાફરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ–૨૦૨૬ની થીમ **"Yoga for Healthy Ageing"** અનુસાર પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ સ્વસ્થ જીવનશૈલી અને સામૂહિક કલ્યાણના સંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે.

પશ્ચિમ રેલવે પોતાના તમામ માનનીય રેલ મુસાફરો તથા રેલ કર્મચારીઓને અપીલ કરે છે કે તેઓ યોગને દૈનિક જીવનનો ભાગ બનાવી સ્વસ્થ અને સંતુલિત જીવનની દિશામાં આગળ વધે તથા આ વૈશ્વિક અભિયાન સાથે જોડાય.

### ૨૦ ગામોની પાણીની સમસ્યા દૂર થશે

# રાજવાસણા ગામે હેરણ નદી પર બન્યો રાજ્યનો પહેલો રબ્બર ડેમ

(સંપૂર્ણ સમાચાર સેવા)બોડેલી





છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી સિંચાઈ વિભાગ દ્વારા જળ સંચય ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચવામાં આવ્યો છે. જિલ્લાના રાજવાસણા ગામે હેરણ નદી પર ગુજરાતનો પહેલો અને એકમાત્ર રબ્બર ડેમ બનીને તૈયાર થઈ ગયો છે. આધુનિક વિદેશી ટેકનોલોજીના ઉપયોગથી બનેલા આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ડેમ કાર્યરત થતાં જ ચોમાસામાં વહી જતું પાણી રોકી શકાશે, જેનાથી આસપાસના ૨૦ જેટલા ગામોના હજારો નાગરિકો અને ખેડૂતોને પાણીની મોટી સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે.

છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ, પાવી જેતપુર, બોડેલી અને સંખેડા એમ ચાર તાલુકાઓમાંથી હેરણ નદી પસાર થાય છે. ચોમાસા દરમિયાન આ નદી ત્રણ મહિના સુધી બંને કાંઠે વહે છે અને તેનું કરોડો લીટર પાણી વહીને અંતે નર્મદા નદીમાં ભળી જતું હતું. પાણીના આ વ્યયને અટકાવવા માટે સરકારે હેરણ નદી પર રાજવાસણા ગામ પાસે આવેલો રજવાડી શાસન વખતનો જૂનો જર્જરીત ડેમ તોડીને નવો આધુનિક રબ્બર ડેમ બનાવવાનો નિર્ણય કર્યો હતો. આ માટે યોઈલ એન્વીરોટેક એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, જેની દેખરેખ બોડેલી સિંચાઈ વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયરની કચેરી દ્વારા કરવામાં આવી છે.

રબ્બર ડેમની મુખ્ય વિશેષતાઓ

- આ અદભુત રબ્બર ડેમની લંબાઈ ૨૨૦ મીટર છે અને તેને ૩ અલગ-અલગ સ્પાનમાં બનાવવામાં આવ્યો છે.
- ડેમની બોડી વોલ ઉપર ૧.૬૦ મીટરની ઊંચાઈ ધરાવતા અને ૬૦ મીટર લાંબા એવા કુલ ૩ રબ્બરના બ્લેન્ડર (ક્યૂબ) લગાવવામાં આવ્યા છે. આ ખાસ મટીરિયલ દક્ષિણ કોરિયાથી મગાવવામાં આવ્યું છે, જે ગમે તેટલા તીવ્ર પાણીના પ્રવાહમાં પણ અડીખમ રહેશે અને તેને કોઈ નુકસાન નહીં થાય.
- આ રબ્બર બ્લેન્ડરમાં ઓટોમેટિક સિસ્ટમ દ્વારા માત્ર ૨૦ મિનિટની અંદર હવા ભરી શકાય છે અને જરૂરિયાત પૂરી થતાં જ માત્ર ૧૦ મિનિટમાં હવા કાઢી પણ શકાય છે.

ચોમાસાની શરૂઆતમાં જ્યારે હેરણ નદીમાં ઉપરવાસના જંગલોમાંથી ભારે માત્રામાં કાપ, પથ્થરો (ગ્રેવલ) અને મોટા લાકડાં તણાઈને આવે છે, ત્યારે રબ્બર બ્લેન્ડરને નુકસાન ન થાય તે માટે તેની હાઈટ ઘટાડીને ફ્લેટ કરી દેવામાં આવશે, જેથી કચરો સરળતાથી વહી જાય. ત્યારબાદ પાણીનો પ્રવાહ ચોખ્ખો થતાં જ અને પાણી રોકવાની જરૂરિયાત ઊભી થતાં ફરીથી રબ્બરમાં હવા ભરીને ડેમની ઊંચાઈ વધારી દેવામાં આવશે.

યોગને માત્ર એક દિવસ પૂરતો મર્યાદિત કાર્યક્રમ ન રાખી, રોજિંદી જીવનશૈલીનો ભાગ બનાવવા મુખ્યમંત્રીશ્રીનું આહ્વાન

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગાંધીનગરના માણસા ખાતે ૧૨મા વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ભવ્ય ઉજવણી

**યોગને રાષ્ટ્ર નિર્માણની શક્તિ બનાવી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરીએ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગાંધીનગરના માણસા ખાતે ૧૨મા વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના સૌ નાગરિકોને આહ્વાન કરતાં કહ્યું કે યોગ એ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન રહેતાં આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ બનવો જોઈએ.

આ સાથે જ સમગ્ર રાજ્યમાં એક સાથે આશરે સવા કરોડથી વધુ બાળકો, યુવાનો અને વડીલોએ અલગ અલગ સ્થળેથી આ ઉજવણીમાં જોડાઈને યોગાભ્યાસ કર્યો હતો.

રાજ્યના સૌ નાગરિકોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આપણી સનાતન પ્રાચીન યોગ સંસ્કૃતિને આજે વિશ્વભરમાં સ્વીકૃતિ મળી છે. તેમણે કહ્યું કે ૧૨મા વિશ્વ યોગ દિવસની ઉજવણી એ રીતે પણ વિશેષ છે કે વડાપ્રધાનશ્રીના સુશાસનનાં પણ ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રીએ લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે 'ફિટ ઈન્ડિયા' અને 'વિશ્વ યોગ દિવસ' જેવી મોટી ભેટ આપી છે. જેના પરિણામે યોગ આજે પ્રિવેન્ટિવ હેલ્થ કેરનું મહત્ત્વનું માધ્યમ બની ગયો છે. આ સાથે જ પર્યાવરણ સુરક્ષા માટે 'એક પેડ માઁ કે નામ', 'કેચ ધ રેઈન' અને સોલાર એનર્જી દ્વારા ગ્રીન-ક્લીન ઊર્જાનો અભિગમ તેમજ રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી તેમજ 'મિશન લાઈફ' દ્વારા પર્યાવરણ સાથે સંતુલિત જીવન જીવવાનો માર્ગ પણ વડાપ્રધાનશ્રીએ બતાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજના તણાવપૂર્ણ જીવનમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવા ગંભીર રોગો સામે યોગ એ સ્વાસ્થ્યપ્રદ જીવનનો સૌથી સરળ અને સચોટ માર્ગ છે.

શ્રી પટેલે જણાવ્યું કે આ વર્ષની થીમ 'યોગ ફોર હેલ્ધી એજિંગ' (Yoga for Healthy Aging) છે. રાજ્યમાં વિવિધ સ્થળે આજના ૧૨મા વિશ્વ યોગ દિવસે સમગ્ર ગુજરાતમાં ૩૩૦થી વધુ સ્થળોએ સવા કરોડથી પણ વધુ લોકો સામૂહિક યોગમાં જોડાયા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગૌરવપૂર્વક જણાવ્યું કે ગુજરાત યોગ ક્ષેત્રે હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧.૫ લાખ યોગ ટ્રેનર તૈયાર કરી દેશમાં સૌથી વધુ ટ્રેનર બનાવવાની સિદ્ધિ મેળવી છે. રાજ્યમાં ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક યોગ ક્લાસ દ્વારા એક વર્ષમાં ૮ લાખથી વધુ લોકોને યોગ સાથે જોડવામાં આવ્યા છે.

એટલું જ નહીં, રાજકોટ મહાનગરપાલિકાએ યોગ બોર્ડ સાથે વિશેષ એમઓયુ કરીને '૧૫ મિનિટ યોગ સિટી'નો નવતર અભિગમ અપનાવ્યો છે, જેમાં શહેરના કોઈ પણ સ્થળેથી ૧૫ મિનિટના અંતરે યોગ સેન્ટર ઉપલબ્ધ થાય તેવું આયોજન છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વ્યક્તિગત સ્વાસ્થ્યની સાથે યોગને રાષ્ટ્ર નિર્માણની શક્તિ બનાવીને સૌને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭'ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવાના કાર્યમાં જોડાઈ જવા આહ્વાન કર્યું હતું.

રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલ રાજપૂતે સૌનું સ્વાગત કરી, દૈનિક જીવનમાં યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે યોગને સનાતન ઋષિ પરંપરાની અદ્વિતીય ભેટ ગણાવી, ૩૬૫ દિવસ માટે યોગને અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે કોમન યોગ પ્રોટોકોલ સાથે સૌને યોગાભ્યાસ પણ કરાવ્યો હતો.

આ પ્રસંગે સૌએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પશ્ચિમ બંગાળ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ પટેલ, ધારાસભ્ય જયંતીભાઈ પટેલ તેમજ પ્રકાશભાઈ વરમોરા, માણસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જ્યોત્સનાબેન વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ ભરતસિંહ રાઠોડ, સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. વી.એન. શાહ, જિલ્લા કલેક્ટર રવીન્દ્ર ખતાલે તથા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી હસરત જાસ્મીન તથા બહોળી સંખ્યામાં યોગ કોચ, યોગ ટ્રેનર્સ અને યોગકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ ખાતે યોગાભ્યાસ કર્યો



આજે ૨૧મી જૂનના રોજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડન ખાતે યોગ દિનની ઉજવણીમાં ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો. તેમની સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા ઉપસ્થિત સૌ નાગરિકો સામુહિક યોગાભ્યાસમાં જોડાયા હતા જ્યાં તેઓએ વિવિધ પ્રકારના યોગાસનો કર્યા હતા અને યોગ દ્વારા શારીરિક તંદુરસ્તી, માનસિક શાંતિ અને સ્વસ્થ જીવનશૈલીના સંદેશને આત્મસાત કર્યો હતો.

વિશ્વ યોગ દિનની આ ઉજવણીમાં શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર સુશ્રી અંજુબહેન શાહ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી, કોર્પોરેશનના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ અને યોગપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

RTIમાં થયો ખુલાસો

## વડાપ્રધાન મોદીની જાહેરાતો પાછળ કેન્દ્ર સરકારે ૨૦૨૦-૨૬ દરમ્યાન કર્યો રૂપિયા ૨૫૮૬ કરોડનો ખર્ચ

(છગનલાલ મેવાડા ધ્વારા ) સુરત

દેશમાં દર વર્ષે વડાપ્રધાનના પ્રચાર પર ખર્ચવામાં આવતા જાહેર નાણાંના વપરાશમાં નોંધપાત્ર વધારો થયો છે. એક માહિતી અધિકારના જવાબમાં જાણવા મળ્યું છે કે કેન્દ્ર સરકારે ૨૦૨૦ થી ૨૦૨૬ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રચાર માટે જાહેરાતોમાં લગભગ ૨૫૮૬ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

આ રકમનો કુલ ખર્ચ કરાયેલ રકમ કરોડો રૂપિયાની છે. રૂપિયા ૨૫,૮૬,૦૦,૦૦,૦૦૦/-છે. અને ભારતીય કર દાતાઓના નાણાં માંથી આ ખર્ચ થયો હતો. તૃણમુલ કોંગ્રેસ TMC ના સાંસદ સાકેત ગોખલે આ જણાવ્યું હતું અને તેમણે જ આ આરટીઆઈ દાખલ કરી હતી

ગોખલે એ ૧ જુનને આરટીઆઇ માટે અરજી કરી હતી જેમાં કેન્દ્ર સરકાર દ્વારા ડિજિટલ સોશિયલ મીડિયા,ટીવી, રેડિયો,પ્રિન્ટ અને મોદીના પ્રચાર માટે હોર્ડિંગ્સ સહિત તમામ પ્લેટફોર્મ પર જાહેરાતો પર ખર્ચવામાં આવેલી રકમનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળના સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશનએ ૧૬ જૂનના રોજ ડેટા જાહેર કર્યો હતો. જેમાં ૨૦૨૦ થી શરૂ થતા નાણાકીય વર્ષ મુજબ ખર્ચનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગોખલે જણાવ્યું હતુ કે જોકે જે એજન્સીઓને રકમ મળી હતી તે ગુપ્ત રાખવામાં આવી હતી. આ મોટો આંકડો આઘાતજનક હોઈ શકે છે કારણ કે ફક્ત પ્રિન્ટ મીડિયામાં જ પાર્ટીએ ૨૦૨૫- ૨૬ માં લગભગ રૂપિયા ૩૩૮ કરોડ ખર્ચ્યા હતા. જાહેર કરાયેલા ડેટા અનુસાર આ રકમ પાછલા વર્ષના રૂપિયા ૮૩૧૬ કરોડના ખર્ચ કરતા ચાર ગણી વધારે છે કુલ મળીને પ્રિન્ટ જાહેરાત નો ખર્ચ ૨૦૨૦ અને ૨૦૨૬ વચ્ચે રૂપિયા ૭૯૬ કરોડ સુધી પહોંચી ગયો છે જોકે વાસ્તવિક આંકડો ઘણો વધારે છે.

ગોખલે એ દાવો કર્યો કે મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સરકારી જાહેરાત નો ઉપયોગ કરીને મીડિયાને નિયંત્રિત કરે છે. આમ મોદી અને બીજેપીને પ્રોત્સાહન આપવાનો ખર્ચ ૨૫૮૬ કરોડ રૂપિયા છે ત્યારે શું તમને આશ્ચર્ય થાય છે કે આપણા મીડિયા સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે?

૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - અમદાવાદ જિલ્લો

## અમદાવાદ જિલ્લા કક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દાસ્તાન ફાર્મ ખાતે યોજાયો





અમદાવાદ જિલ્લા કક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અમદાવાદના નરોડામાં આવેલા વિન્ટેજ વિલેજ કાર મ્યુઝિયમ, દાસ્તાન ફાર્મ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન શ્રી હિમાંજય પાલીવાલ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ અને કલેક્ટર શ્રી ભવ્ય વર્માની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોગાભ્યાસ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં સંબોધનોનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ મહાનુભાવોના વર્ચ્યુઅલ સંબોધનોને સાંભળ્યાં હતાં. આ પ્રસંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન શ્રી હિમાંજય પાલીવાલે જણાવ્યું હતું કે સ્વસ્થ, સંસ્કારી અને સમૃદ્ધ ગુજરાતના સંકલ્પને યોગના માધ્યમથી સાકાર કરી શકીશું. સર્વાંગી વિકાસ માટે યોગ મહત્ત્વપૂર્ણ છે. સમાજમાં યોગ માટે જાગૃતિ જરૂરી છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી પાલીવાલે વધુમાં જણાવ્યું હતું કે ભારત 'વસુધૈવ કુટુંબકમ્' જેવી શ્રેષ્ઠ ભાવના ધરાવતો દેશ છે. વિશ્વ કલ્યાણના ધ્યેય સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્રમાં યોગ દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો અને સમગ્ર વિશ્વમાં તે સ્વીકાર પામ્યો છે. યોગ દિવસની ઉજવણી શરૂ થયા પછી દુનિયાભરમાં લાખો-કરોડો લોકો યોગ માટે પ્રેરિત થઈને સ્વસ્થ જીવનશૈલી તરફ વળ્યા છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી પાલીવાલે વધુમાં જણાવ્યું હતું કે આપણી ભારતીય સંસ્કૃતિ 'સર્વે સન્તુ નિરામયા'માં માને છે. ભારતીય જ્ઞાન પરંપરા વૈશ્વિક દૃષ્ટિ ધરાવે છે. નાગરિક સ્વસ્થ હશે તો જ સમાજ અને રાષ્ટ્ર સ્વસ્થ બનશે અને સમૃદ્ધિ વધારશે અને એ રીતે વિશ્વ કલ્યાણનો માર્ગ પ્રશસ્ત થશે.

વિકસિત ભારતના નિર્માણ માટે સ્વસ્થ અને વિકસિત ગુજરાત બનાવવું પડશે, આ ધ્યેય માટે દરેકે પોતાના રોજિંદા જીવનમાં યોગ અપનાવવો જોઈએ, એવો તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, રેન્જ આઈજી શ્રી રાઘવેન્દ્ર વત્સ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભાવિન સાગર, દસ્ક્રોઈ પ્રાંત અધિકારી શ્રી એમ. વી. દેસાઈ, જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર શ્રી પ્રફુલ્લ સાવલિયા સહિત જિલ્લાના અધિકારીઓ -કર્મચારીઓ,ઈસ્કોન મંદિરના સંતો, શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શિવજીની સાધના કરતા આ મહારાજ છેલ્લા પાંચ વર્ષથી ઉભા જ રહ્યા છે



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દુલાલગીરી મહારાજના નામે જાણીતા એક સાધુની કેટલીક તસવીરો અને વિડિયો છેલ્લા થોડાક દિવસોથી સોશિયલ મીડિયા પર ફરી રહ્યા છે એમાં દાવો કરવામાં આવે છે કે આ મહારાજ શિવજીની અત્યંત કઠિન સાધના કરી રહ્યા છે એ માટે તેમણે નહીં બેસવાનું નક્કી કર્યું છે.

સામાન્ય રીતે તપ અને ધ્યાન બેસીને કરવાના હોય, પણ આ મહારાજે ઉભા રહેવાની સાધના આદરી છે. વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે આ મહારાજ ઓછામાં ઓછા પાંચ વર્ષથી ઉભા જ છે. તેઓ આરામ પણ ઉભા ઉભા જ કરે છે. એ માટે તેઓ ઝુલા પર શરીરનો આગળનો ભાગ ટેકવીને આરામ લેતા જણાય છે.

સતત ઊભા રહેવાને કારણે તેમના ઘૂંટણ પર સોજો આવી ગયો છે. અને પગમાં બ્લડ સર્ક્યુલેશન રોકાઈ ગયું હોવાથી પગ નીચેથી કાળા પડી રહ્યા છે. કેટલાક લોકોનો દાવો છે કે દુલાલગીરી મહારાજ પાંચ વર્ષથી નહીં પણ બાર વર્ષથી આ ખડી તપસ્યા કરી રહ્યા છે. જોકે આ દવાઓનું ક્યાંય વેરિફિકેશન નથી થયું.

સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈને જાળમાં ફસાઈ

## વિદેશમાં નર્સની નોકરી અપાવવાના બહાને બે યુવતીઓ સાથે છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ પર ખોડિયારનગર પાસે આવેલા અર્થ આઈકોનમાં ઓફિસ ધરાવતા બે એજન્ટ ભાઈઓએ વિદેશમાં નર્સની નોકરી અપાવવાનું કહીને બે યુવતીઓ પાસેથી કુલ રૂ. ૧૦.૬૦ લાખ પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના નાપા ગામની એકતાનગર કોલોનીમાં રહેતા અને નર્સિંગ ટ્યુટર તરીકે નોકરી કરતા નિકિતાબેન જયંતિભાઈ રોહિતે આ અંગે વડોદરાના વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં પોલીસે જશવંત ચૌધરી અને તેના ભાઈ દુષ્યંત ચૌધરી સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદની વિગતો અનુસાર, નિકિતાબેને વર્ષ ૨૦૨૪ માં સોશિયલ મીડિયા પર જશવંત ચૌધરીની એકનાથ ઈમિગ્રેશન કન્સલટન્સીની વિગતો જોઈ હતી. નિકિતાબેન અને તેમની મિત્ર સિમરન ઈશ્વરભાઈ પરમાર ઓસ્ટ્રિયા (યુરોપ) ખાતે નર્સિંગની નોકરી કરવા જવા ઈચ્છતા હોવાથી તેઓ જશવંત ચૌધરીની ઓફિસે મળવા ગયા હતા. એજન્ટે તેમને યુરોપમાં નર્સિંગની નોકરીની પાકી ખાતરી આપીને ચાર મહિનામાં પ્રોસેસ પૂરી કરવાનું વચન આપ્યું હતુ અને વ્યક્તિદીઠ ૬ લાખનો ખર્ચ જણાવ્યો હતો. વિશ્વાસમાં આવીને નિકિતાબેને શરૂઆતમાં રૂ. દોઢ લાખ ચૂકવ્યા હતા.

ઓક્ટોબર ૨૦૨૫ માં જશવંતના ભાઈ દુષ્યંત ચૌધરીએ યુવતીઓના પાસપોર્ટ નંબરનો ઉલ્લેખ કરેલો એક ઓફર લેટર આપ્યો હતો અને જણાવ્યું હતું કે, ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઓસ્ટ્રિયા જવાનું છે. આ ઓફર લેટર પર વિશ્વાસ રાખીને નિકિતાબેને બીજા રૂ. ૪.૩૦ લાખ ચૂકવી દીધા હતા. ત્યારબાદ એજન્ટોએ જ્યોર્જિયાના વિઝા અપાવવાનું કહીને ગલ્લાતલ્લા કર્યા હતા અને કોઈ યોગ્ય કાર્યવાહી કરી નહોતી. બંને ભાઈઓએ વિદેશમાં નોકરીની લાલચ આપીને નિકિતાબેન અને તેમની મિત્ર સિમરન પાસેથી કુલ રૂ. ૧૦.૬૦ લાખ પડાવી લીધા હતા. પોલીસને આશંકા છે કે આ એજન્ટ ભાઈઓની જાળમાં ફસાઈને અન્ય લોકોએ પણ પોતાના રૂપિયા ગુમાવ્યા હોઈ શકે છે, જે દિશામાં હાલ વધુ તપાસ ચાલી રહી છે.

વિદ્યાર્થીઓએ કહ્યું,-પેપરમાં કેમેસ્ટ્રી અને ફિઝિક્સ અઘરું

## NEET-UGની પુનઃપરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

**NEET-UG**નું પેપર લીક થયા બાદ રદ કરાયેલી પરીક્ષા આજે ફરી યોજાઈ હતી જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. ગુજરાતની વાત કરીએ તો ૨૧૧ પરીક્ષા કેન્દ્રો પર ૭૯,૪૧૧ ઉમેદવારો માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા સહિતના પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને ૧૧ વાગ્યાથી ૧:૩૦ વાગ્યા સુધી પ્રવેશ અપાયો હતો. બપોરે ૨ કલાકથી ૫:૧૫ કલાક સુધી પરીક્ષાનો સમય હતો, આ વખતે ૧૫ મિનિટનો વધારાનો સમય આપવામાં આવ્યો હતો. દેશમાં કુલ ૫૫૧ શહેરોમાં ૫,૪૪૦ સેન્ટર અને વિદેશમાં ૧૪ સેન્ટર પર ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે **NEET-UG**ની પરીક્ષા યોજાઈ હતી. જેમાં અંગ્રેજી સહિત ૧૨ ભારતીય ભાષામાં પેપર લેવાયું છે. પરીક્ષા આપ્યા બાદ ઘણા વિદ્યાર્થીઓએ કહ્યું હતુ કે અગાઉના પેપર કરતાં ઘણું અઘરું પેપર હતું, ઘણાએ તો માર્કસ ઓછા આવશે તેવો પણ સ્વીકાર કર્યો હતો.

અમદાવાદમાં પલક નામની વિદ્યાર્થિનીએ કહ્યું કે, બાયો સરળ હતું પણ પેપર થોડું ટફ હતું, કેમેસ્ટ્રી અને ફિઝિક્સ વધારે અઘરું હતું. સમય બરોબર હતો, કટ ટુ કટ પૂર્ણ થયું. ઈશિતા પુરોહિત નામની વિદ્યાર્થિનીએ કહ્યું કે, પેપર ઠીક હતું પહેલા કરતાં હાર્ડ હતું, બાકી સારું ગયું છે. ફિઝિક્સના પ્રશ્નો વાંચવામાં જ ઘણો સમય ગયો છે. તો વરુણ સત્ય નામના વિદ્યાર્થીએ કહ્યું કે, કેમેસ્ટ્રી અને ફિઝિક્સ ટફ હતું વધારે, ઓવરઓલ પેપર થોડું ડિફિકલ્ટ હતું પેપર આપવા માટે સઘન ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. જો કે, આ ચુસ્ત નિયમો વચ્ચે અમદાવાદની આર. જે. ટિબ્રવાલ કોલેજ પરીક્ષા કેન્દ્ર ખાતે ડ્રેસકોડ અને ધાર્મિક પ્રતીકોને લઈને મોટો વિવાદ સર્જાયો હતો.

## બાબરકોટમાં બે લોકો પર હુમલો કરનાર સિંહનું શંકાસ્પદ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી, ગીર સોમનાથ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહના આટાફેર જોવા મળતા હોય છે. જેમાં સ્થાનિકો પર વન્ય પ્રાણીના હુમલાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમરેલીના જાફરાબાદ તાલુકાના બાબરકોટ રોડ બાઈક ચાલક અને રિક્ષા ચાલક પર હુમલા બાદ સિંહનું શંકાસ્પદ રીતે મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના જાફરાબાદ રેન્જ વનવિભાગ કચેરી નજીક બનતા વન વિભાગના અધિકારીઓ સ્થળે દોડી પહોંચ્યા હતા.

સિંહને બેથી ત્રણ વખત આચકી આવ્યા બાદ વનવિભાગની નજર સામે જ રેસ્ક્યુ પહેલા સિંહનું મોત થયું હતું. હડકવાની અસર હોવાની વનવિભાગે આશંકા વ્યક્ત કરી છે, ત્યારે સિંહને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખસેડી ડૉક્ટર ટીમ દ્વારા મૃતક સિંહના સેમ્પલ લઈને વધુ તપાસ હાથ ધરી છે. જાફરાબાદ તાલુકામાં બાબરકોટ રોડ પર એક સિંહે આતંક મચાવતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેને લઈને નજીકમાં આવેલી જાફરાબાદ રેન્જ વનવિભાગની કચેરીના અધિકારી ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા.

બાબરકોટ રોડ પરથી પસાર થતાં વિશાલભાઈ બારૈયા નામના બાઈક ચાલક સિંહે હુમલો કર્યો હતો. જેમાં બાઈક ચાલકને સિંહે નખ મારતા સામાન્ય ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે રિક્ષા પાછળ સિંહે દોડી હુમલાનો પ્રયાસ કરતા રિક્ષા પલટી મારી ગઈ હતી. જો કે, આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી.

બાબરકોટ રોડ પર સિંહના આતંકને લઈને જાફરાબાદ રેન્જ વનવિભાગ કચેરીની ટીમ ઘટના સ્થળે પહોચી રોડ થોડીવાર માટે વાહન વ્યવહાર બંધ કર્યો હતો. વનવિભાગની ડૉક્ટર ટીમ દ્વારા સિંહને પકડવાની તૈયારી કરે તે પહેલા સિંહનું શંકાસ્પદ રીતે મોત થયું હતું. જેમાં સિંહને બેથી ત્રણ વખત આચકી આવ્યા બાદ અચાનક મોત થયું હતું. હડકવાની અસર હોવાની વનવિભાગને આશંકા છે, ત્યારે સિંહના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોતનું ચોક્કસ કારણ જાણવાની વન વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

## કાયદો વ્યવસ્થા પર પ્રશ્નાર્થ! : અમદાવાદમાં રિલીફ રોડ પર ધોળા દિવસે યુવકની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ભારે ટ્રાફિકવાળા રિલીફ રોડ પર ધોળા દિવસે હત્યા થયાની ઘટના સામે આવી છે. એક શખ્સને ધારદાર હથિયારના ઘા મારીને તેની હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે કારંજ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતો અને મૃતક શખ્સનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યો છે. અમદાવાદના કાલુપુર અને લાલદરવાજાને જોડતા સૌથી વ્યસ્ત એવા રિલીફ રોડ પર સનસનાટીભરી ઘટના ઘટી છે.

ભીડભાડવાળા જાહેર રસ્તા પર જ એક વ્યક્તિ પર અજાણ્યા હુમલાખોરે તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ધોળા દિવસે થયેલા આ ખૂની ખેલને પગલે સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા પર સવાલ ઊભા કરે છે. હાલમાં પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવીને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.